એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલની સ્થાપનાને મંજૂરી

એમએસએમઈ, સ્ટાર્ટઅપ્સ અને ઉદ્યોગ સાહસિકો માટે નિકાસનું એકીકૃત પ્લેટફોર્મ બનશે

જિલ્લાવાર નિકાસ યોજનાઓ તૈયાર થશે, ‘મેડ ઇન ગુજરાત’ને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ તરીકે સ્થાપિત કરવા વિશેષ વ્યૂહરચના ઘડાશે

ગાંધીનગરઃ ગુજરાતમાં ઉત્પાદિત ચીજવસ્તુઓ અને સેવાઓને વૈશ્વિક બજારમાં નવી ઓળખ અપાવવા તથા રાજ્યના નાના-મોટા ઉદ્યોગો માટે આંતરરાષ્ટ્રીય વેપારની તકોનો વ્યાપ વધારવા રાજ્ય સરકારે ‘ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ’ (GEPC)ની સ્થાપનાને મંજૂરી આપી છે. નિકાસકારોને બજારની ઓળખથી માંડીને આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્રો, માર્કેટિંગ, ટેક્નિકલ માર્ગદર્શન, ટ્રેડ ફાઈનાન્સ અને લોજિસ્ટિક્સ સુધીની સુવિધાઓ એક જ સંસ્થાકીય માળખા હેઠળ ઉપલબ્ધ કરાવવાની દિશામાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. ખાસ કરીને MSME, સ્ટાર્ટઅપ્સ અને નાના ઉદ્યોગસાહસિકો વિદેશી બજારો સુધી પહોંચી શકે તે માટે ‘ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ’ માર્ગદર્શક અને સહાયક સંસ્થા તરીકે કાર્ય કરશે. આ સાથે રાજ્યના દરેક જિલ્લામાં નિકાસની સંભાવના ધરાવતા ઉત્પાદનોની ઓળખ કરીને અલગ જિલ્લા નિકાસ યોજનાઓ તૈયાર કરવામાં આવશે, જેથી સ્થાનિક ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય બજાર સુધી પહોંચાડવાનો માર્ગ મોકળો થઈ શકે.

ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળ સ્થપાનારી ‘ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ’ (GEPC) રાજ્ય સરકારની સંપૂર્ણ માલિકીની બિનનફાકારક કંપની તરીકે કાર્યરત થશે. 3 નવેમ્બર, 2026ના ઠરાવ અનુસાર કંપની અધિનિયમ, 2013ની કલમ-8 હેઠળ વિશેષ હેતુવાળી સંસ્થા (SPV) તરીકે તેની રચના કરવામાં આવશે અને તેનું રજિસ્ટર્ડ કાર્યાલય ગાંધીનગરમાં રહેશે.

નિકાસને માત્ર મોટા ઉદ્યોગો પૂરતી મર્યાદિત રાખવાને બદલે નાના અને મધ્યમ એકમો સુધી તેનો વ્યાપ વધારવો તથા ગુજરાતના ઔદ્યોગિક વિકાસને વૈશ્વિક વેપાર સાથે વધુ મજબૂત રીતે જોડવો આ પહેલનો મુખ્ય ઉદ્દેશ છે.

AI અને બ્લોકચેઇનથી નિકાસ પ્રક્રિયાનું આધુનિકીકરણ

વૈશ્વિક વેપારમાં બદલાતી ટેક્નોલોજી અને સ્પર્ધાને ધ્યાનમાં રાખીને ‘ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ’ દ્વારા ડિજિટલ ટ્રેડ પ્લેટફોર્મ, એક્સપોર્ટર પોર્ટલ, ટેસ્ટિંગ-સર્ટિફિકેશન સેન્ટર, કોમન ફેસિલિટી સેન્ટર અને ઇન્ક્યુબેશન સેન્ટર જેવી સુવિધાઓ વિકસાવવાનો ઉદ્દેશ છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), બ્લોકચેઇન, ઇન્ડસ્ટ્રી 4.0 અને ગ્રીન ટેક્નોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવામાં આવશે. નિકાસકારોને ટ્રેડ ફાઇનાન્સ, વીમા, લોજિસ્ટિક્સ, સપ્લાય ચેઇન અને આંતરરાષ્ટ્રીય વેપારના કાનૂની નિયમો અંગે પણ માર્ગદર્શન મળશે.

જિલ્લાવાર નિકાસની સંભાવનાઓ ઓળખાશે

‘ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ’ દ્વારા રાજ્યની એક્સપોર્ટ પ્રમોશન સ્ટ્રેટેજી તૈયાર કરવાની સાથે દરેક જિલ્લા માટે અલગ ડિસ્ટ્રિક્ટ એક્સપોર્ટ પ્રમોશન પ્લાન બનાવવામાં આવશે. જિલ્લાની ઉત્પાદન ક્ષમતા, ઔદ્યોગિક વિશેષતા, સ્થાનિક ઉત્પાદનો અને આંતરરાષ્ટ્રીય બજારમાં તેની માંગનું વિશ્લેષણ કરીને નિકાસની નવી તકો ઓળખવામાં આવશે. જિલ્લા એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના માધ્યમથી સ્થાનિક સ્તરે નિકાસલક્ષી પ્રવૃત્તિઓનું સંકલન અને મોનિટરિંગ પણ કરવામાં આવશે.

નિકાસકારોને એક જ સ્થળેથી તમામ પ્રકારનું માર્ગદર્શન

નાના અને મધ્યમ ઉદ્યોગો માટે વિદેશી બજારોના નિયમો, ગુણવત્તાના માપદંડો, જરૂરી પ્રમાણપત્રો અને નિકાસની પ્રક્રિયા ઘણી વખત પડકારરૂપ બને છે. ‘ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ’ આવા ઉદ્યોગોને આંતરરાષ્ટ્રીય બજારની ઓળખ, બિઝનેસ કન્સલ્ટન્સી, મેન્ટરિંગ, તાલીમ અને હેન્ડહોલ્ડિંગની સુવિધા પૂરી પાડશે. વેપાર મેળા, આંતરરાષ્ટ્રીય માર્કેટિંગ કાર્યક્રમો અને વિદેશી વેપારી સંગઠનો સાથે જોડાણ માટે પણ સહયોગ આપવામાં આવશે.

‘મેડ ઇન ગુજરાત’ને વૈશ્વિક ઓળખ આપવાની યોજના

ગુજરાતનાં સ્થાનિક ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય સ્તરે બ્રાન્ડ તરીકે સ્થાપિત કરવા વિશેષ માર્કેટિંગ અને બ્રાન્ડિંગ અભિયાનો હાથ ધરવામાં આવશે. વિદેશી બજારોમાં ગુજરાતનાં ઉત્પાદનો અંગે જાગૃતિ વધારવા ઉપરાંત આયાત પરની નિર્ભરતા ઘટાડવા માટે પણ ‘ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ’ પ્રયાસ કરશે. આયાત આધારિત મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોની ઓળખ કરીને સ્થાનિક ઉત્પાદકોને ટેક્નિકલ અને નાણાકીય સહયોગ આપવાની યોજના છે. ‘ગુજરાત એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ’ની પ્રારંભિક અધિકૃત અને પેઇડ-અપ મૂડી રૂ. એક લાખ નક્કી કરવામાં આવી છે. કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં ઓછામાં ઓછા ત્રણ અને વધુમાં વધુ 15 સભ્યો રહેશે. મુખ્ય સચિવ બોર્ડના અધ્યક્ષ, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ/અગ્ર સચિવ/સચિવ ઉપાધ્યક્ષ અને ઉદ્યોગ કમિશનર મેનેજિંગ ડિરેક્ટર તરીકે કામગીરી સંભાળશે.

દિવાળી વેકેશનમાં વતન વાપસી, રેલવે સ્ટેશને ભારે ભીડ



■ રોજી-રોટી માટે અમદાવાદ આવતા લાખો શ્રમજીવીઓ દિવાળી વેકેશન આવતા જ પોતાના વતન દોટ મૂકે છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી આવતા તેમજ અન્ય રાજ્ય ઉત્તરપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ ઉપરાંત શ્રમિકોની હાલ કાલુપુર રેલવે સ્ટેશન તેમજ ગીતા મંદિર એસટી સ્ટેન્ડ પર ભારે ભીડ જોવા મળી રહી છે.

અમદાવાદમાં પોલીસનું સુરક્ષા કવચ વધુ વિસ્તર્યું, ત્રણ નવાં પોલીસ સ્ટેશન કાર્યરત

મોટેરા, વસ્ત્રાલ અને હંસપુરામાં નવનિર્મિત પોલીસ સ્ટેશનોનું લોકાર્પણ થતાં પોલીસ સ્ટેશનોની સંખ્યા 49થી વધીને 52 થઈ

અમદાવાદઃ અમદાવાદની વધતી જતી વસ્તી, વિસ્તરતા શહેરી વિસ્તારો અને સુરક્ષાની વધતી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને શહેરના પોલીસ માળખામાં વધુ ત્રણ પોલીસ સ્ટેશનનો ઉમેરો કરવામાં આવ્યો છે. મોટેરા, વસ્ત્રાલ અને હંસપુરા ખાતે નવનિર્મિત પોલીસ સ્ટેશનો કાર્યરત થતાં અમદાવાદમાં પોલીસ સ્ટેશનોની સંખ્યા 49થી વધીને 52 થઈ છે.જેમાં મોટેરા વિસ્તારમાં આવેલા વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમની સુરક્ષા અને મહત્ત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો દરમિયાન કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જાળવવા નવું પોલીસ સ્ટેશન વ્યૂહાત્મક રીતે મહત્ત્વનું બની રહેશે. દિવાળી અને રમા એકાદશીના અવસરે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે ત્રણેય પોલીસ સ્ટેશનોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, પોલીસ સ્ટેશનમાં અસામાજિક તત્ત્વો અને ગુનેગારોમાં કાયદાનો ડર હોવો જોઈએ, પરંતુ સામાન્ય અને ગરીબ નાગરિક જ્યારે ફરિયાદ કે રજૂઆત લઈને આવે ત્યારે તેને સન્માનજનક વાતાવરણ અને આદરપૂર્વકનો વ્યવહાર મળવો પણ એટલો જ અનિવાર્ય છે. પોલીસની કામગીરીમાં કડકાઈની સાથે સંવેદનશીલતા અને નાગરિકો પ્રત્યે મિત્રભાવ હોવો જોઈએ.

નાગરિકોને સ્થાનિક સ્તરે પોલીસની સુવિધા મળશે

ત્રણ નવાં પોલીસ સ્ટેશનો શરૂ થવાથી સંબંધિત વિસ્તારોના નાગરિકોને ફરિયાદ, રજૂઆત અને અન્ય પોલીસલક્ષી કામગીરી માટે લાંબા અંતર સુધી જવું નહીં પડે. સ્થાનિક સ્તરે પોલીસની ઉપલબ્ધતા વધવાથી સમય અને શ્રમની બચત થવાની સાથે પોલીસ અને નાગરિકો વચ્ચેનું સંકલન પણ વધુ સરળ બનશે. મોટેરા પોલીસ સ્ટેશન સ્ટેડિયમની આસપાસની સુરક્ષા વ્યવસ્થા તથા મોટા કાર્યક્રમો દરમિયાન કાયદો-વ્યવસ્થાની જાળવણીમાં મહત્ત્વપૂર્ણ જવાબદારી નિભાવશે.

નાના વેપારીઓ સાથે પોલીસ મિત્રભાવ રાખે

દિવાળીના તહેવાર દરમિયાન નાના પાથરણાવાળા, લારી-ગલ્લા ધારકો અને નાના વેપારીઓ મોડી રાત સુધી નિર્ભયતાથી વેપાર કરી શકે તે માટે પોલીસે સહયોગી અને મિત્રભાવપૂર્ણ અભિગમ રાખવો જોઈએ તેવી અપીલ પણ કરવામાં આવી હતી. નાગરિકોને પણ નાના વેપારીઓ પાસેથી ખરીદી કરતી વખતે વધુ પડતા ભાવતાલને બદલે તેમની રોજીરોટીને ટેકો આપીને તેમની દિવાળી પણ ખુશહાલ બનાવવાની અપીલ કરાઈ હતી. પોલીસ જવાનોની ફરજનિષ્ઠાને બિરદાવતાં હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, પોલીસકર્મીઓ 18-18 કલાક સુધી લોકસુરક્ષા માટે ફરજ બજાવે છે. ફરજ પૂરી કરીને ઘરે પહોંચ્યા બાદ કાર્યસ્થળનો તણાવ ત્યાં જ મૂકીને પરિવાર સાથે પ્રેમાળ પુત્ર, પતિ અને પિતા તરીકે દિવાળીનો તહેવાર ઉમંગથી ઉજવવો જોઈએ. લોકસુરક્ષા માટે સતત કાર્યરત પોલીસ જવાનોના મનોબળ અને પારિવારિક જીવન વચ્ચે સંતુલન જાળવવાનો સંદેશ પણ તેમણે આપ્યો હતો.

બિરસા મુંડાની જન્મજયંતી નિમિત્તે 12થી 18 નવે. જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી

15 નવેમ્બરે છોટા ઉદેપુરમાં મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં રાજ્ય કક્ષાનો કાર્યક્રમ

ગાંધીનગરઃ ધરતી આબા ભગવાન બિરસા મુંડાની 151મી જન્મ જયંતિની રાજ્યવ્યાપી સાપ્તાહિક ઉજવણી આગામી ૧૨ થી ૧૮ નવેમ્બર દરમિયાન કરવામાં આવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને આ સંદર્ભમાં મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં આ ઉજવણી અંતર્ગત યોજાનારા બહુવિધ કાર્યક્રમોને ઓપ આપવામાં આવ્યો હતો. ભગવાન બિરસા મુંડાની 151મી જન્મ જયંતીના ઉપલક્ષમાં સમગ્ર રાજ્યમાં 12 થી 18 નવેમ્બરના એક અઠવાડિયા સુધી વિવિધ કાર્યક્રમોની ઉજવણીનું વ્યાપક આયોજન કર્યું છે.

જનજાતિય ગૌરવ દિવસની આ ઉજવણી અંતર્ગત રાજ્ય કક્ષાનો મુખ્ય કાર્યક્રમ છોટાઉદેપુરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં 15મી નવેમ્બરે યોજાશે. નાયબ મુખ્યમંત્રી વલસાડ જિલ્લામાં તથા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા દાહોદમાં આ ઉજવણીનું નેતૃત્વ કરશે.

રાજ્યના 14 આદિવાસી જિલ્લાઓના પંચાવન વિધાનસભા ક્ષેત્રોમાં તેમજ 20 બિન આદિજાતિ જિલ્લાઓ અને 17 મહાનગરપાલિકાઓમાં પણ 15 નવેમ્બરે જનજાતિય ગૌરવ દિવસ ઉજવાશે. જનજાતિય ગૌરવ દિવસ ઉજવણી અંતર્ગત 12થી 18 નવેમ્બર દરમિયાન જે વિવિધ કાર્યક્રમો જનભાગીદારીથી ઉજવાશે તેનું પ્રેઝન્ટેશન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ બેઠકમાં કરવામાં આવ્યું હતું. તદઅનુસાર, તા.13 નવેમ્બરે 14 આદિજાતી જિલ્લાઓના પંચાવન વિધાનસભા મતવિસ્તારોમાં યુવા સંવાદ સંમેલનો, 14મી નવેમ્બરે સવારે આ જિલ્લાઓમાં ભગવાન બિરસા મુંડા તેમજ અન્ય આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓની પ્રતિમા સ્વચ્છતા અભિયાન અને પૂજા વિધિ તેમજ સાધુ-સંતોના સન્માન કાર્યક્રમો યોજાશે. તે જ દિવસે સાંજે તમામ આદિજાતિ તાલુકાઓની ગ્રામ પંચાયતમાં ઘરે ઘરે દીપોત્સવ, જાહેર સ્થળોએ ભગવાન બિરસા મુંડાની આરતી, આદિવાસી પ્રાર્થના, ભજનો અને પરંપરાગત નૃત્યનું જનભાગીદારીથી આયોજન કરાશે. એટલું જ નહીં, ભગવાન બિરસા મુંડાના જીવન ઇતિહાસનું ગુજરાતી, ભીલી અથવા સ્થાનિક આદિવાસી બોલીઓમાં વાંચન કરવામાં આવશે. આ કાર્યક્રમનું સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લાઈવ પ્રસારણ પણ થશે.

અમદાવાદના નરોડામાં 6 કાર સાથે જાહેરમાં બર્થડેની ઉજવણી

પોલીસને જોતા યુવકો કેક રસ્તા ફેંકી નાસી છૂટ્યા

એક કાર સરદારનગર વિસ્તારના સ્થાનિક રાજકીય આગેવાનની હોવાનો દાવો

અમદાવાદઃ અમદાવાદ શહેરના નરોડામાં જાહેરમાં જન્મદિવસની ઉજવણીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

રોડ પર છ જેટલી કાર લાઇનમાં પાર્ક કરીને કેક કાપી રહેલા યુવકો પોલીસની ગાડી આવતાં જ કેક રસ્તા પર ફેંકીને સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વિડીયો પ્રમાણે યુવકો નરોડામાં રોડ પર છ જેટલી કાર લાઈનબંધ રીતે પાર્ક કરીને કેક કાપી જન્મદિવસની ઉજવણી કરી રહ્યા હતા. આ દરમિયાન પોલીસની ગાડી ત્યાં આવી પહોંચતાં હાજર યુવકોમાં નાસભાગ મચી હતી. પોલીસથી બચવા માટે કેટલાક યુવકોએ કેક રસ્તા અને કાર પર ફેંકી, સ્થળ પરથી ભાગી છૂટ્યા હતા. વાયરલ વિડીયોમાં દેખાતી કાર પૈકી એક કાર સરદારનગર વિસ્તારના સ્થાનિક રાજકીય આગેવાનની હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ મામલે નરોડા પોલીસે વાયરલ વીડિયોના આધારે તપાસ શરૂ કરી છે. વિડીયોમાં દેખાતાં વાહનોના નંબરના આધારે કાર માલિકો અને ઉજવણીમાં સામેલ યુવકોની ઓળખ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જાહેર રસ્તા પર ટ્રાફિકને અડચણ ઊભી કરવા અને જાહેર વ્યવસ્થાને અસર પહોંચાડવા બદલ જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની દિશામાં પોલીસ તપાસ કરી રહી છે.


સુડોકુ ૬૬૭૩

૨	૯	૬			૭	૪	૫	૩
	૮		૩	૪	૬	૨		
૪	૧	૩		૫				
૭	૬				૨	૯	૩	૫
					૫	૧		
		૫						
૬		૨						૪
૧		૪				૩	૬	૯
૮	૩		૬	૭				

■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.

■ દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.

■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



કાંચી કામાકોટિ પીઠમના પીઠાધિપતિના મુખ્યમંત્રીએ આશીર્વાદ લીધાં

અમદાવાદઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના ગોતા ખાતે મૂળામ્નાય સર્વજ્ઞ શ્રી કાંચી કામાકોટિ પીઠમના ૭૦મા પીઠાધિપતિ પૂજ્ય જગદ્ગુરુ શંકરાચાર્ય શ્રી શંકર વિજયેન્દ્ર સરસ્વતી સ્વામીના દર્શન કરીને તેમના આશીર્વાદ મેળવ્યા હતા. શંકરાચાર્યના સાનિધ્યમાં અમદાવાદના ગોતા ખાતે આયોજિત પૂર્ણાહુતિ હવનમાં મુખ્યમંત્રી સહભાગી થયા હતા. તેમણે યજ્ઞશાળા મંડપમ ખાતે પૂજ્ય શંકરાચાર્યશ્રી સાથે સંવાદ સાધીને તેમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે પૂજ્ય જગદ્ગુરુ શંકરાચાર્ય શ્રી શંકર વિજયેન્દ્ર સરસ્વતી મહાસ્વામીએ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ પીઠાધિપતિ શ્રી જયેન્દ્ર સરસ્વતીના વિદેહમુક્તિ બાદ ૭૦મા પીઠાધિપતિ તરીકેની જવાબદારી સંભાળી છે કાંચીપુરમ સ્થિત કાંચી કામાકોટિ પીઠમ ભારતીય સનાતન પરંપરા અને વૈદિક સંસ્કૃતિના સંવર્ધનમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

ચક્કર આવે છે

શંખપુષ્પી 20 ગ્રામ, બ્રાહ્મી 20 ગ્રામ, ગળો સત્વ 15ગ્રામ, જટામાંસી 15 ગ્રામ, ગોદંતી ભસ્મ 15 ગ્રામ, મુક્તા સુક્તિ ભસ્મ 10 ગ્રામ લઇ બારીક ચૂર્ણ કરો. તેમાંથી ત્રણ ત્રણ ગ્રામ ચૂર્ણ સવાર સાંજ પાણી સાથે લો.

શબ્દગુંફન - ૭૨૮૯

અરવિંદ એસ. મારૂ


૧	૨		■	૩	૪	■	૫	૬	■
■		■	૭				■	૮	૯
૧૦				■		■	૧૧	■	
■		■	૧૨	૧૩		■	૧૪		
૧૫		૧૬	■		■	૧૭		■	
	■	૧૮					■	૧૯	
૨૦			■		■	૨૧			■
	■	૨૨		■	૨૩		■	૨૪	
■	૨૫		■	૨૬		■	૨૭		■
૨૮		■	૨૯		■	૩૦			

આડી ચાવી

૧. રૂપાળું, મોહક (૩)
૨. જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)
૫. તીર્થ, ઘર (૨)
૭. ગોટાળો (૪)
૮. પર્વત (૨)
૧૦. જાગતું, સાવધ (૪)
૧૨. ‘...દૂરથી રળિયામણાં’ (૩)
૧૪. રાજાને કરાતું સંબોધન (૩)
૧૫. સમાપ્ત (૩)
૧૭. દુશ્મન (૨)
૧૮. દબાવીને કે ગમેતેમ પીડીને વશ કરવાની નીતિ (૫)
૧૯. ફરિયાદી, મદારી (૨)
૨૦. સહાય (૩)
૨૧. ધર્મયુદ્ધમાં પ્રાણ આપનાર (૩)
૨૨. આશરે અઢી કિલોમીટર (૨)
૨૩. દૂધ, પાણી (૨)
૨૪. હરકત, સંકટ, મુશ્કેલી (૨)
૨૫. પૂર્વે, આગળ, મોખરે (૨)
૨૬. રાત્રિ, રજની (૨)
૨૭. ઔષધ (૨)
૨૮. એક હિંસક પશુ (૨)
૨૯. ઘોડો (૨)
૩૦. હમેશ, કાયમ (૪)

ઊભી ચાવી

૨. અક્ષરગણિત (૫)
૩. પરમેશ્વર (૨)
૪. આદરસત્કાર (૪)
૬. ચિત્ત, હૃદય, દિલ (૨)
૯. આભને ભેદે એવું (૫)
૧૧. મુર રાક્ષસના શત્રુ શ્રી વિષ્ણુ (૩)
૧૩. ગણપતિ, ગણેશ (૪)
૧૫. માંકડ (૪)
૧૬. સહાયક (૫)
૧૭. ઘણું, પુષ્કળ (૪)
૧૯. ચર્ચા (૫)
૨૩. આબરૂ, વિશ્વાસ (૨)
૨૫. નકામું, નિષ્ફળ (૨)
૨૬. ખુશ, પ્રસન્ન (૨)
૨૭. ભાવ, મૂલ્ય (૨)



આજનું પંચાંગ

તા. 06/11/2026, શુક્રવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** આસો
તિથિઃ વદઃ બારસઃ 10:31 પછી તેરસ
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : કારતક-15 **યોગ :** વિષ્કુંભ
કરણઃ ગર **નક્ષત્ર :** હસ્તઃ 28:44
રાશિઃ કન્યા (પ,ઠ,ણ)
દિવસ : શુભ- ધનતેરસ, યમદીપદાન, ધનવંતરી જયંતી, પ્રદોષ
સુરતમાં સૂર્યોદય : 06:45 **સુરતમાં સૂર્યાસ્ત :** 17:59
નવકારસી : 07:33
પારસી વર્ષ : 1396 ખોરદાદ માસનો 24 મો રોજ
મુસલમાન વર્ષ : 1448 જમાદીલ ઊલ અવલ માસનો 25મો રોજ
દિવસનાં ચોઘડિયાં: ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
રાત્રિનાં ચોઘડિયાં: રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
રાહુ કાળ : સવારે :10:30 થી 12:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): ખાવા-પીવામાં ધ્યાન રાખવું. કામનો બોજ વધશે. આવક અને જાવક વધે. ઉત્સાહજનક સમાચાર.

વૃષભ (બ,વ,ઉ,): ઘરમાં આનંદ ઉત્સાહજનક ધાર્મિક અને ખર્ચાળ વાતાવરણ રહે. નવા રોકાણથી લાભ.

મિથુન (ક,છ,ઘ,): ધાર્મિક વાતાવરણ રહે. નવા કામની યોજના બને. બહાર જવાની યોજના બને. આવક વધશે.

કર્ક (ડ,હ,): પરિવાર સાથે મનોરંજન ખર્ચ-ખરીદી અને ધાર્મિક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેવાનું બને. શુભ સમાચાર.

સિંહ (મ,ટ,): ઉઘરાણી આવે. ઘરમાં ઉત્સવજનક વાતાવરણ રહે. આવક વધારવાની યોજના બને.

કન્યા (પ,ઠ,ણ,): ઉત્સાહજનક પ્રગતિ થાય. નોકરી-ધંધામાં નવી તક મળે. ધાર્મિક વાતાવરણથી ઘરમાં ખુશી.

તુલા (ર,ત,): દેવદર્શન નવા વર્ષની ખરીદી અને પારિવારિક પ્રવાસની યોજના બને. દોડ-ધામ વધશે.

વૃશ્ચિક (ન,ય,): નવા રોકાણ થાય. પરિવાર સાથે ધાર્મિક પ્રવાસ થાય. ઘરમાં ઉત્સાહજનક વાતાવરણ રહે.

ધન (ભ,ધ,ફ,ઢ,): આવક વધે. સમાજમાં માન વધે. નોકરી-ધંધામાં આવક વધે. ધાર્મિક પ્રવાસ થાય. ઘરમાં શાંતિ વધે.

મકર (ખ,જ,): ધાર્મિક સાહિત્ય પ્રવાસનું આયોજન કરનારને તક મળે. ધર્મ-કર્મથી શાંતિ મળે. આવક વધશે.

કુંભ (ગ,સ,શ,ષ,): ઉઘરાણી આવે. નવી ખરીદી થાય. ધર્મ-કર્મથી શાંતિ મળે. વડીલોનો સાથ મળે. ખર્ચા વધશે.

મીન (દ,ચ,ઝ,થ,): ધાર્મિક પ્રસંગમાં જવાનું અને ઘરમાં નવા વેપાર-ધંધાની યોજનામય. વાતાવરણમાં દિવસ પસાર.

કોઈ પણ સાલમાં 06 નવેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતુ આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરી-ધંધામાં ટેક્નોલોજીથી રાહત થાય. નવા ફેરફારથી નવું શિખવા મળે. સમાજમાં માન વધે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણી આવવાથી નવાં રોકાણ થાય. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉંમરલાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહમાં અનુકૂળતા વધે. નવા ઘર, વાહન, મકાનની યોજના સફળ બને. વારસા, જાયદાદ, જમીનનાં કામ થાય. વિદેશના કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવશે. સ્ત્રી વર્ગ માટે વર્ષ અનુકૂળ રહેશે. નોકરિયાતને નવી તક મળે. વધારાની આવકની યોજનામાં ચડતી-પડતી રહે. સમાજ-કાયદાકાનૂન જેવા કામમાં મિત્રો વડીલોનો સાથ મળે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. એપ્રિલ-મે, સપ્ટેમ્બર ઓક્ટોબરમાં શુક્ર શનિવારે 6, 15, 24 તારીખે નવા કામ કરવાં.સફેદ રંગનો ઉપયોગ વધારવો. જુલાઈ ઓગસ્ટમાં બુધવારે 1,10, 19, 28 તારીખે નવા કામ ટાળવાં. ભૂરા રંગનો ઉપયોગ ટાળવો. શુક્રવારના ઉપાય કરતા રહેવું.

9 નવેમ્બરે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ગાંધીનગરમાં

અમદાવાદઃ આગામી 9 નવેમ્બરના રોજ ગાંધીનગરનાં સાંસદ સભ્ય અને કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં જુદા જુદા કુલ રૂ.1,024 કરોડનાં કુલ 30 વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. અમદાવાદ મનપા દ્વારા હવે સંપૂર્ણ સ્વદેશી ટોય ટ્રેન અમદાવાદવાસીઓની સેવામાં મૂકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અગાઉની વિદેશી ટ્રેન અંદાજે રૂ.8 કરોડના ખર્ચે ખરીદવામાં આવી હતી, જ્યારે નવી સ્વદેશી ટેક્નોલોજીથી નિર્મિત બે ટ્રેનોની ખરીદી માત્ર રૂ.3.59 કરોડના ખર્ચે કરવામાં આવી છે.

ગુજરાતનાં શહેરોમાં શહેરી સુવિધાઓનો વ્યાપ વધ્યો: અમૃત 2.0 હેઠળ 4,832 કરોડનાં 497 કામ પૂર્ણ

2.72 લાખથી વધુ નવાં નળ જોડાણો, 1.03 લાખથી વધુ ગટર જોડાણોથી લાખો નાગરિકોને સીધો લાભ

78 તળાવોનું નવીનીકરણ અને 87 બાગ-બગીચાઓનો વિકાસ કરી શહેરોને સુંદર બનાવ્યાં

ગાંધીનગરઃ ગુજરાતનાં શહેરોમાં પીવાના પાણીની સુવિધા, ભૂગર્ભ ગટર વ્યવસ્થા અને પર્યાવરણલક્ષી માળખાકીય સુવિધાઓને મજબૂત બનાવવાની દિશામાં અમૃત 2.0 મિશન હેઠળ નોંધપાત્ર કામગીરી થઈ છે. રાજ્યનાં શહેરી વિસ્તારોમાં 4,832 કરોડના કુલ 497 વિકાસકામો પૂર્ણ કરીને લાખો નાગરિકો સુધી પાણી અને ગટર વ્યવસ્થાની સુવિધાઓનો વ્યાપ પહોંચાડવામાં આવ્યો છે. આ મિશન હેઠળ 2.72 લાખથી વધુ નવાં ઘરેલુ નળ જોડાણો અને 1.03 લાખથી વધુ ગટર જોડાણો આપવામાં આવ્યાં છે. એટલું જ નહીં, શહેરોની ઓળખ અને પર્યાવરણની ગુણવત્તા સુધારવાના ભાગરૂપે 78 તળાવોનું નવીનીકરણ તથા 87 બાગ-બગીચાઓનો વિકાસ પણ પૂર્ણ કરવામાં આવ્યો છે. આમ, અમૃત 2.0 માત્ર પાણી અને ગટર જેવી પાયાની સુવિધાઓ પૂરતું સીમિત ન રહેતાં શહેરી જીવનધોરણ સુધારવા અને શહેરોને વધુ સુવિધાસભર બનાવવા માટેનું મહત્વપૂર્ણ માધ્યમ બન્યું છે. 1 ઓક્ટોબર, 2021થી શરૂ થયેલા અમૃત 2.0 મિશનનો મુખ્ય હેતુ શહેરી વિસ્તારોનાં દરેક ઘર સુધી નળ મારફતે શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવા અને 31 અમૃત શહેરોમાં ભૂગર્ભ ગટર વ્યવસ્થાનું સુદ્દઢ માળખું ઊભું કરવાનો છે. આ મિશન અંતર્ગત ગુજરાતનાં શહેરોમાં પાણી પુરવઠા અને ગંદા પાણીના શુદ્ધિકરણની ક્ષમતા વધારવાની સાથે જળાશયોના નવીનીકરણ, જળસંરક્ષણ અને હરિયાળા વિસ્તારોના વિકાસને પણ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આમ, પાયાની નાગરિક સુવિધાઓની સાથે શહેરી પર્યાવરણ અને જીવનધોરણ સુધારવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

પાણી પુરવઠાનાં 224 કામો પૂર્ણ

રાજ્યનાં શહેરી વિસ્તારોમાં પાણી પુરવઠા ક્ષેત્રે 2,937 કરોડનાં 224 કામો પૂર્ણ થયાં છે. તેના પરિણામે 539 એમએલડી પાણી શુદ્ધિકરણ ક્ષમતા, 1,366 લાખ લિટર પાણી સંગ્રહ ક્ષમતા અને 2,128 કિલોમીટર લાંબું પાણી વિતરણ પાઇપલાઇન નેટવર્ક વિકસાવવામાં આવ્યું છે. આ ઉપરાંત 2.72 લાખથી વધુ નવાં ઘરેલુ નળ જોડાણો આપવામાં આવતાં અંદાજે 23.87 લાખ નાગરિકોને તેનો લાભ મળ્યો છે.

31 અમૃત શહેરમાં ગટર વ્યવસ્થાનું વિસ્તરણ

ભૂગર્ભ ગટર વ્યવસ્થાને મજબૂત બનાવવા 31 અમૃત શહેરોમાં 1,500 કરોડનાં 77 કામો પૂર્ણ કરાયાં છે. તેના કારણે ગંદા પાણીના શુદ્ધિકરણની ક્ષમતામાં 162 એમએલડીનો વધારો થયો છે, જ્યારે 931 કિલોમીટરનું ગટર નેટવર્ક ઊભું કરવામાં આવ્યું છે. આ સાથે 1.03 લાખથી વધુ નવાં ઘરેલુ ગટર જોડાણો આપવામાં આવતાં અંદાજે 31.76 લાખ નાગરિકોને લાભ થયો છે.

તળાવો અને બગીચાઓથી શહેરોની સુંદરતામાં વધારો

શહેરોમાં પર્યાવરણની જાળવણી અને નાગરિકો માટે હરિયાળા જાહેર સ્થળો વિકસાવવાના હેતુથી તળાવોના નવીનીકરણ અને બાગ-બગીચાના વિકાસ પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. તળાવ નવીનીકરણ ક્ષેત્રે 301 કરોડનાં 97 કામો પૂર્ણ કરીને 78 તળાવોને નવાં સ્વરૂપે વિકસાવવામાં આવ્યાં છે. જ્યારે 94 કરોડનાં 99 કામો પૂર્ણ કરીને 87 બાગ-બગીચાઓનું નિર્માણ અને વિકાસ કરવામાં આવ્યો છે.

મહિલા સ્વસહાય જૂથોને રોજગારીની તક

અમૃત 2.0 હેઠળની ‘અમૃત મિત્ર’ અને ‘વુમન ફોર ટ્રી’ પહેલ દ્વારા મહિલા સ્વસહાય જૂથોને આજીવિકાની નવી તકો સાથે પર્યાવરણ સંરક્ષણની કામગીરીમાં જોડવામાં આવ્યાં છે. ‘વુમન ફોર ટ્રી’ પહેલમાં અંદાજે 178 સ્વસહાય જૂથોની મહિલાઓ ભાગ લઈ રહી છે. આ અંતર્ગત 604.158 લાખના 165 પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે અને અત્યાર સુધીમાં 1.52 લાખથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે.

અનુસ્નાતક આયુર્વેદ અને હોમિયોપેથીમાં પ્રવેશ માટે ચોઈસ ફિલિંગ શરૂ

MD-MS આયુર્વેદની 302 અને MD હોમિયોપેથીની 321 બેઠક માટે પ્રવેશ પ્રક્રિયા

અમદાવાદઃ રાજ્યની અનુસ્નાતક આયુર્વેદ અને હોમિયોપેથી કોલેજોમાં એમએસ. એમડી અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ઓનલાઈન ચોઈસ ફિલિંગની પ્રક્રિયા આજથી શરૂ કરવામાં આવી છે. સરકારી અને મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો ઉપરાંત સ્વનિર્ભર સંસ્થાઓની 15 ટકા ઓલ ઈન્ડિયા ક્વોટાની બેઠકો માટે પણ પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. પ્રવેશ સમિતિ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ ઉમેદવારો 9 નવેમ્બર, 2026ના રોજ સવારે 10 વાગ્યા સુધી ઓનલાઈન ચોઈસ ફિલિંગ કરી શકશે. જ્યારે બપોરે 12 વાગ્યા સુધી ઉમેદવારો પોતે ભરેલી પસંદગીઓ જોઈ શકશે. પ્રવેશ માટે આયુર્વેદ અને હોમિયોપેથીની કુલ 623 બેઠકો ઉપલબ્ધ છે. જેમાં MD-MS આયુર્વેદની સ્ટેટ ક્વોટાની 264 અને સ્વનિર્ભર સંસ્થાઓની 15 ટકા ઓલ ઈન્ડિયા ક્વોટાની 38 બેઠકો મળી કુલ 302 બેઠકોનો સમાવેશ થાય છે. તેવી જ રીતે MD હોમિયોપેથીમાં સ્ટેટ ક્વોટાની 273 અને સ્વનિર્ભર સંસ્થાઓની 15 ટકા ઓલ ઈન્ડિયા ક્વોટાની 48 બેઠકો મળી કુલ 321 બેઠકો પર પ્રવેશ આપવામાં આવશે.